# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-03-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજ્યમાં સમાન નાગરિક સંહિતા અંગેનો સમિતિએ અહેવાલ સોપ્યો:

રાજ્યમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો આખરી અહેવાલ ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં સોંપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઇને લોક અભિપ્રાયો મેળવીને આ અહેવાલ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ રજૂ કરતાં સમિતિ દ્વારા જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

**------------------------------------------------------------------------------------------**

## ખાણ-ખનિજ અને ઉધોગ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ :

ગઈકાલે વિધાનસભા ગૃહમાં ખાણ ખનિજ અને ઉદ્યોગોના વિભાગ અને સામાન્ય વહિવટ વિભાગની અંદાજપત્રિય માંગણીઓ પસાર કરવામાં આવી હતી. ખાણ ખનિજ અને ઉદ્યોગ વિભાગની બજેટની માંગણીઓની ચર્ચા કરતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ કે નાના ખેડૂતો અને જમીન માલિકો માટે વહીવટી પ્રક્રિયા સરળ બનાવવા 'ડાયરેક્ટ એલોટમેન્ટ' એટલે કે સીધી ફાળવણીની વ્યવસ્થા ઊભી કરાઈ હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના કડક અને પારદર્શક અભિગમને પરિણામે ખનિજ ચોરીની વસૂલાત વર્ષ ૨૦૦૩-૦૪ના ૧ કરોલ ૭૧ લાખથી વધીને વર્ષ ૨૦૨૬માં રૂ. ૨૫૨ કરોલ ૦૯ લાખે પહોંચી છે.

છેવાડાના નાગરિકને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે જિલ્લા આયોજનના બજેટમાં અંદાજિત રૂ. ૫૦૦ કરોડનો વધારો કરાયો હોવાનું મંત્રી ઈશ્વરસિંહ પટેલે ગૃહમાં જણાવ્યુ હતું.

ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' હેઠળ રાજ્યના સાડા 6 લાખ કર્મયોગીઓને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનું કવચ અપાયું છે. આ ચર્ચા બાદ સામાન્ય વહીવટ વિભાગની કુલ રૂ. ૨૦૫૧ કરોડ ૨૭ લાખની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર થઇ હતી.

---

## કેન્દ્ર સરકારે પાંચ રાજ્યોને 15માં નાણાપંચની સહાય જાહેર કરી:

કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ 2025-26 દરમિયાન ગુજરાત સહિત પાંચ રાજ્યોને પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે પંદરમા નાણાંપંચની સહાય જાહેર કરી છે. આ સહાય વિવિધ નાણાંકીય વર્ષોને લગતી ફાળવણીઓને આવરી લે છે અને તેનો ઉદ્દેશ્ય ગ્રામીણ સ્થાનિક શાસનને વધુ મજબૂત કરવાનો છે.

ગુજરાતે 33 જિલ્લા પંચાયતો, 247 બ્લોક પંચાયતો અને 14,563 ગ્રામ પંચાયતોને આવરી લેતા બીજા હપ્તા તરીકે 509 કરોડ રૂપિયા પ્રાપ્ત કર્યા છે. તેની સાથે વધારાની 2 ગ્રામ પંચાયતોને જાહેર કરાયેલ રોકી રાખેલા હિસ્સાના 14.64 લાખ રૂપિયા પણ સામેલ છે.

આ ગ્રાન્ટનો ઉપયોગ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ દ્વારા બંધારણની અગિયારમી અનુસૂચિમાં સમાવિષ્ટ ઓગણત્રીસ વિષયો હેઠળ, પગાર અને અન્ય સ્થાપના ખર્ચ સિવાય, સ્થાનિક સ્તરે જરૂરી જરૂરિયાતો માટે કરવામાં આવશે.

---

## આજે માતાના મઢ અને ભુજ આશાપુરા મંદિરે ઘટસ્થાપન:

પ્રસિદ્ધ યાત્રાધામ આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢમાં આજે ઘટસ્થાપનની ધાર્મિક વિધિ સાથે આવતીકાલથી પરંપરાગત નવરાત્રી પર્વનો આરંભ થશે. જેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આજે રાત્રે 9:00 વાગ્યે મંદિરમાં મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્ર સિંહજી રાજા બાવાના હસ્તે ઘટ સ્થાપનની ધાર્મિક વિધિ કરવામાં આવશે.

જયારે ભુજ ખાતેના આશાપુરા માતાજીના મંદિરમાં પણ આજે સાંજે ઘટસ્થાપન વિધિ કરાશે. અને આવતીકાલથી ચૈત્રી નવરાત્રીની ભક્તિ ભાવ પુર્વક ઉજવણી કરાશે. સાતમનો હવન બુધવાર 25મીએ અને આઠમ ગુરૂવાર 26મીએ ઉજવાસે.જયારે શુક્રવાર 27મીએ ચૈત્રી નવરાત્રીની સમાપ્તી થશે.

---

## ભુજ નગર પાલિકા દ્વારા 11મો સેવાસેતુ કાર્યક્રમ:

આજે ભુજ નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણના નજીક સ્થળે એ જ દિવસે પ્રાપ્ત થઇ શકે તેવા હેતુને ધ્યાને લઇ નગરપાલિકા કક્ષાએ આ અગિયારમાં તબક્કાનો "સેવા સેતુ" કાર્યક્રમ યોજવા નક્કી કરવામાં આવ્યું છે. ભુજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૦૧ થી ૦૬ ના નાગરિકો માટેનો આ સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકોને જરૂરી આધારપુરાવા સાથે સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા ભુજ નગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે."સેવા સેતુ" કાર્યક્રમમાં સરકારની વિવિધ ૫૫ જેટલી સેવાઓ અંગે એક જ જગ્યાએ નાગરિકોને મળી રહેશે.

---

## ઈદની ખરીદી બજારોમાં ભીડ:

**મુસ્લિમોના રમઝાન માસ હવે તેના અંતિમ પડાવ ભણી છે,ત્યારે ઈદની ઉજવણનો આગોતરો ઉત્સવ મુસ્લિમ બિરાદરોમાં જોવા મળી રહ્યો છે.જિલ્લાભરની વિવિધ મસ્જિદોને રોશનીથી શણગારવામાં આવી છે, તો બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. નવા કપડ઼ા,પગરખા અને પરંપરાગત પહેરવેશે ખરીદવા લોકો ઉમટી પડતા જિલ્લાની બજારોમાં ભીડ જોવા મળી રહી છે.**

---

## હવામાન:

હવામાન વિભાગ દ્વારા આજ થી 20 માર્ચ સુધી રાજ્ય માં કેટલાક સ્થળે ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદની શકયતા વ્યક્ત કરાઈ છે. ત્યારે ગઈકાલે જીલ્લા મથક ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 37 ડિગ્રી સેલ્સિયસ, કંડલા હવાઈ મથક 37.1, કંડલા બંદર 34.7 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું.

---